# હાઇ સ્કૂલમાં વિદ્યાર્થી સફળતા કાર્યક્રમ (સ્ટુડન્ટ સક્સેસ પ્રોગ્રામ The Student Success Program)

દરેક વિદ્યાર્થી જુદી રીતે શીખે છે.
હવે તેમની પાસે હાઇસ્કૂલમાં ભાગ લેવા અને ગ્રેજ્યુએટ થવા માટે જરૂરી ક્રેડિટ્સ મેળવવાની નવી રીતો છે.

સ્ટુડન્ટ સક્સેસ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને અનેક નવા વિકલ્પો આપે છે, જે શિક્ષણને પારંપરિક ક્લાસ રુમથી આગળ લઇ જાય છે. હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ:

- પાસે સફળ થવા માટે વધુ તક હશે.
- ઉત્સાહી હશે અને શિક્ષણ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરેલ રાખશે.
- ક્રેડિટ્સ મેળવવાની વધુ રીતોનો લાભ પામશે.

ઓન્ટારિયોના હાઇસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ પાસે તેમના માટે યોગ્ય હોય તેવા શિક્ષણ ફરતે પોતાના શિક્ષણના અનુભવને પોતાને અનુકૂળ સ્વરુપ આપવાની વધુ તકો છે.

## ખાસ ઉચ્ચ કૌશલ્ય મેજર્સ (સ્પેશિયાલિસ્ટ હાઇ સ્કિલ મેજ્સ Specialist High Skills Majors)

જે વિદ્યાર્થીઓના મનમાં કોઇ ખાસ કારકિર્દીને અનુસરવાનું નક્કી હોય, તેમના માટે ખાસ ઉચ્ચ કૌશલ્ય મેજર્સ તેમના કૌશલ્યો અને રુચિ અનુસાર તેમના શિક્ષણને અનુકૂલિત કરવાની તક પૂરી પાડે છે. દરેક મેજર ગ્રેજ્યુએટ થવા માટે જરુરી કુલ ૩૦ ક્રેડિટસનો ભાગ એવા ૮ થી ૧૦ કોર્સિસનું બંડલ હોય છે. તે વિદ્યાર્થીઓને હોસ્પિટાલિટિ એન્ડ ટુરિઝ્મ (હોટલ અને પર્યટન), આર્ટસ એન્ડ કલ્ચર (કલા અને સંસ્કૃતિ), હેલ્થ એન્ડ વેલનેસ (આરોગ્ય અને કલ્યાણ), કન્સ્ટ્રક્શન (બાંધકામ), મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદન), હોર્ટિકલ્ચર એન્ડ લેન્ડસ્કેપિંગ (ભાગકામ અને પ્રાકૃતિક સજાવટ), અને ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન્સ (માહિતી અને સંચાર) ટેક્નોલોજી સહિતના કેટલાંક રોજગાર માટેનાં ક્ષેત્રો માટે તૈયાર થવામાં મદદ કરે છે.

## વિસ્તૃત કો-ઓપ (Expanded Co-op)

શીખતા શીખતા કામ કરવાનો એક સરસ અનુભવ હોવાની સાથે-સાથે વિદ્યાર્થીઓ માટે પોતાની રુચિ અને કૌશલ્ય અનુસાર કામ કરીને પોતાની કારકિર્દીનું નિર્માણ કરવા માંડવાની તક પણ છે. વિસ્તૃત કો-ઓપ વડે હવે વધુ વિદ્યાર્થી ઓ પાસે ડિપ્લોમા માટેની ૨ ફરજિયાત ક્રેડિટ્સ સહિતની ક્રેડિટ્સં મેળવવાની સાથે - સાથે કામનો કીમતી અનુભવ મેળવવાની તક પણ છે. વિદ્યાર્થીઓને તેઓ યુનિવર્સિટિમાં જવાના હોય, કોલેજમાં જવાના હોય, એપ્રેન્ટિસશિપ માટે કે પછી કામે લાગવાના હોય, તેમના માટે જે કારકિર્દી વિકલ્પો છે, તેનો જાત અનુભવ લેવાની તક મળે છે.

## ડ્યુઅલ ક્રેડિટ્સ (Dual Credits)

ડ્યુઅલ ક્રેડિટ્સ વિદ્યાર્થીઓને તેઓ હાઇસ્કૂલમાં હોય ત્યારે જ એપ્રેન્ટિસશિપ (ધંધાકીય શિખાઉ) તાલીમ અને ઉ ચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમોમાં ભાગ લેવાની તક આપે છે. આ અભ્યાસક્મો હાઇસ્કૂલ ડિપ્લોમા તેમ જ ઉચ્ચતર માધ્યમિક ડિપ્લોમા, ડિગ્રી કે એપ્રેન્ટિસશિપ પ્રમાણપત્રમાં ગણાય છે. આનાથી વિદ્યાર્થીને કોલેજનો અનુભવ થાય છે, જે હાઇ સ્કૂલની બહાર શિક્ષણની તકોની જરુર ધરાવતા, અને જેમને કોલેજના અનુભવનો લાભ લેવો હોય તેવાં વિદ્યાર્થીઓ માટે આદર્શ છે.

## ગ્રેડ 7 – 9 માં પરિવર્તન

જે વિદ્યાર્થીઓને એલિમેન્ટરી સ્કૂલમાંથી સેકન્ડરી સ્કૂલમાં જવાથી થતાં ફેરફારોથી તકલીફ પડે તેઓ સિનિયર સ્કૂલના પરિવેશમાં જે નવી સ્થિતિ અને પરિસ્થિતિઓનો સામનો કરવા માટે વધુ વ્યક્તિગત ધ્યાન અને કાર્યક્રમો મેળવી શકે.

## વિદ્યાર્થી સફળતા ટીમો

દરેક હાઇસ્કૂલમાં હવે એક ખાસ તૈયાર કરવામાં આવેલી ટીમ છે જે એક પ્રિન્સિપાલ, શિક્ષકો અને ગાઇડન્સ કાઉન્સેલરની બનેલી હોય છે. આ ટીમ જેમને જરૂર હોય તેવા વિદ્યાર્થીઓને વધારાનું માર્ગદર્શન અને મદદ પૂરાં પાડે છે. ટીમો સફળ થવા માટે ઝઝૂમતા વિદ્યાર્થીઓને ઓળખી તેમને મદદ પૂરી પાડે છે, તેમને શિક્ષણ મેળવવા માટે વધુ વિકલ્પો પૂરા પાડે છે અને વિદ્યાર્થીની પ્રગતિ પર ધ્યાન આપે છે. આ ઉપરાંત, વિદ્યાર્થી સફળતા ટીમો શાળાના અન્ય કર્મચારીઓ, માતા-પિતા અને વ્યાપક સમુદાય સાથે મળીને વધુને વધુ વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએટ થવા માટે જરૂરી ક્રેડિટ્સ મેળવવામાં મદદરૂપ થવા માટે કામ કરે છે.

## નવાં અભ્યાસક્રમો

શાળાઓ નવા ટેક્નોલોજીને લગતા અભ્યાસક્રમો પૂરા પાડે છે અને તેમણે તેમના હાલના ટેકનિકલ શિક્ષણના અભ્યાસક્રમોમાં મોડ્યુલ્સ ઉમેર્યા છે. ૨૦૦ નવા ટેક્નોલોજી અભ્યાસક્રમો અને ૫૦૦ ઉચ્ચ સ્તરે લઇ જવાયેલા અભ્યાસક્રમો, જેમાં હોસ્પિટાલિટી, આરોગ્ય સંભાળ અને કમ્પ્યૂટર એંજિનિયરિંગ સામેલ છે, થી ૩૦૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને લાભ થયો છે. વિદ્યાર્થીઓ ૫૦ થી વધુ ઑનલાઇન અભ્યાસક્રમોનો લાભ પણ લઇ શકે છે. આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને તેમને રસ પડે તેવા વધુ વિષયો લઇને ગ્રેજ્યુએટ થવા માટે જરૂરી ક્રેડિટ્સ મેળવવાની વધુ તકો પૂરી પાડે છે.

## વિદ્યાર્થીની સફળતાની સંસ્કૃતિ

આખાય પ્રદેશના પ્રિન્સિપાલો અને શિક્ષકો બાળકોને હાઇ સ્કૂલમાંથી ગ્રેજ્યુએટ થવામાં મદદરૂપ થાય તેવા નવા વિચારો અને નવીન અભિગમો વિકસાવવા માટે તાલીમ મેળવી રહ્યાં છે. આનો આધાર ઊંચી અપેક્ષાઓ અને વ્યક્તિગત ધ્યાન અને કાળજી છે. જ્યારે શિક્ષકો નવી તકો વિશે જાણે, ત્યારે તેઓ વિદ્યાર્થીઓને સામાન્ય વર્ગ ખંડમાં થતા શિક્ષણના વિકલ્પો સહિત વિદ્યાર્થીઓને પસંદગીની વધુ તકો આપી શકે છે.

## લાઇટહાઉસ પ્રોજેક્ટ્સ

જે વિદ્યાર્થીઓને શાળામાં ટકી રહેવા માટે વધારાની મદદ અને ધ્યાન અપાવાની જરૂર હોય અને જેમણે શાળા છોડી દીધી છે તેમને શાળામાં પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરવા માટે નવા સ્થાનિક પ્રોજેક્ટ્સ પણ ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ ક્રેડિટ્સ મેળવે છે અને કોલેજ સાથે સંબંધિત પ્રોગ્રામોમાં ભાગ લે છે.

**વધુ માહિતી માટે, તમારી શાળાની મુલાકાત લઇ તમારા પ્રિન્સિપાલ સાથે વાતચીત કરો. વધુ માહિતી આ વેબસાઇટના અંગ્રેજી અને ફ્રેંચ પાનાંઓ પર પણ ઉપલબ્ધ છે.**

Ontario